FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

This Question Paper consists of 31 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

Code No. 54/S/A/G
કોડ નં.
Set - A

# GUJARATI
# (ગુજરાતી)
# (207)

Day and Date of Examination
(પરીક્ષાનો વાર અને તારીખ) ____________________

Signature of Invigilators 1. ____________________
(નિરીક્ષકની સહી)
2. ____________________

**સામાન્ય નિર્દેશ :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

4 બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.

5 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

6 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **54/S/A/G-A** લખવી.



www.FirstRanker.com

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

# GUJARATI
## (ગુજરાતી)
## (207)

**સમય : 3 કલાક]** **[કુલ ગુણ : 100**

**સૂચના :**

1 **બધા** પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

2 બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

3 બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

1 કાનુડાએ કયું તોફાન નહોતું કર્યું તે જણાવો. 1

(A) શીકું ફોડવું (B) ફર્નિચર તોડવું

(C) માખણ ખાવું (D) ગોરસ ઢોળવું

2 નાયિકા ક્યાં જઈને હીંચકા પર બેસી ? 1

(A) પિયરઘરમાં (B) દેવઘરમાં

(C) ચિડિયાઘરમાં (D) સિનેમાઘરમાં

3 ‘મારી વ્યાયામ સાધના’ના લેખકમાં કયો દુર્ગુણ હતો ? 1

(A) હાર સ્વીકારવાનો (B) લાંબું ભાષણ આપવાનો

(C) મહેનત ન કરવાનો (D) રોટલો રળવાનો

4 ‘એક પ્રશ્ન’ પાઠમાં ન્યાય કરવા કોને બોલાવવામાં આવ્યા હતાં ? 1

(A) બાને (B) મોટાભાઈને

(C) બેનને (D) હીરાને



www.FirstRanker.com

5 વાર્તાના મુખ્ય અંગોમાં બંધબેસતું ન હોય તે અંગ છે - 1

(A) વાર્તાની વસ્તુ (B) ભાષાશૈલી

(C) ઉપસંહાર (D) ઘટનાની ગૂંથણી

6 ટાઢ અને તંદ્રા પછી શું આવે છે ? 1

(A) સ્ફૂર્તિ અને ચેતના (B) તડકો અને ચેતના

(C) ઉન્નતિ અને આક્રોશ (D) અધોગતિ અને બરબાદી

7 નાયિકાના મનને કયા સ્વજનની સ્મૃતિ વધુ ઘેરી વળે છે ? 1

(A) નાના ભાઈભાંડુની (B) ખટ મીઠા મિત્રોની

(C) વાંકાવળેલા દાદીમાની (D) વિવિધરૂપમાં પતિની

8 નિબંધ લખતી વખતે જરૂરી નથી તે બાબત છે - 1

(A) શુદ્ધ, સરળ, શિષ્ટ ભાષા (B) આરંભ અને અસરકારક અંત

(C) વિષયાંતર કરવું (D) વિરામચિહ્નોનું ધ્યાન રાખવું

9 રજાઈની હૂંફનું સુખ કોને છોડવું પડે છે ? 1

(A) વડીલોને (B) નાયકને

(C) શિક્ષકોને (D) વિદ્યાર્થીઓને

10 મૃત્યુ પછી નંદનંદન શેઠને ક્યાં લઈ જવામાં આવ્યા ? 1

(A) નરકમાં (B) સ્વર્ગમાં

(C) ચિત્રગુપ્તના દરબારમાં (D) ઘરમાં

11 દુનિયાના શ્રેષ્ઠ ઑલરાઉન્ડરમાં વિનુ માંકડની ગણના કોના દ્વારા કરવામાં આવી ? 1

(A) ગેરી સોબર્સ (B) સુનીલ ગાવસ્કર

(C) ઈયાન ચેપલ (D) લેટ હટ્ટન

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

12 હરિયાએ કુલ કેટલી જાતના ફાર્મ ભર્યા હતા ? 1

(A) પાંસઠ (B) પાંચ
(C) પાંત્રીસ (D) પચાસ

13 કવિને કોનો દેહ સુંદર લાગે છે ? 1

(A) પતંગિયાનો (B) ચંબેલીનો
(C) રાણીનો (D) સખીનો

14 'હાઈકુ'માં કુલ કેટલા અક્ષર હોય છે ? 1

(A) 7 (B) 20
(C) 17 (D) 27

15 કયા પક્ષીનો સ્વર કોયલ કરતાં પણ વધારે મધુર હોય છે ? 1

(A) કાગડાનો (B) ચકલીનો
(C) મોરનો (D) પીળકનો

16 કયો મેળો દર વર્ષે ભરાય છે ? 1

(A) કુંભનો (B) માઘનો
(C) અર્ધમહાકુંભનો (D) સિંહસ્થ મહાકુંભનો

17 'પત્ર' લખતી વખતે સરનામું પત્રની ________ બાજુ લખાય છે. 1

(A) જમણી (B) ડાબી
(C) ઉપર (D) નીચે

18 'ત્રિભુવનદાસ લુહાર'નું ઉપનામ છે - 1

(A) નરસૈંયો (B) નર્મદ
(C) સુંદરમ્ (D) પ્રેમાનંદ



www.FirstRanker.com

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

19 'અક્ષયવટ' ક્યાં આવેલું છે ? 1

(A) અમદાવાદ (B) અલ્હાબાદ
(C) હૈદરાબાદ (D) ધનબાદ

20 મૂરખની જુદી-જુદી ટેવોને કવિ ઉત્પાત કહે છે. કારણ કે.... 1

(A) એ યાંત્રિક રીતે વર્તે છે. (B) એ એનો રોજનો ક્રમ છે.
(C) એમ કરવાથી ઈશ્વર મળે છે. (D) એમ કરવાથી ઈશ્વર નથી મળતા.

21 (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ લખો : 6

(i) 'પ્રયાગરાજ' ક્યાં આવેલું છે ? અને તેનું શું મહત્ત્વ છે ?
(ii) 'સૂર્યનું સેવન' પાઠમાં કવિએ પવનને કેવો કહ્યો છે ? શા માટે ?
(iii) વ્યાયામથી થતાં ફાયદાઓ જણાવો.
(iv) 'એક પ્રશ્ન' પાઠમાં શું થયું ? ન્યાય કરવા કોને બોલાવવામાં આવ્યા અને એમ કેમ કહ્યું કે મોટા ભાભીનું આયુષ્ય લાંબું છે ?
(v) ગુજરાતમાં કયા-કયા ધર્મોના લોકો વસે છે ?

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ **એક** વાક્યમાં લખો : 3

(i) 'એક પ્રશ્ન' વાર્તાના નાયકે એક દિવસ છાપામાં શા સમાચાર વાંચ્યા ?
(ii) નંદનંદન શેઠે ફંડફાળામાં કોને - કોને પૈસા આપ્યા ?
(iii) 'સૂર્યનું સેવન' પાઠના નાયકને માનવજીવન કેવું લાગે છે ?
(iv) ફ્રેન્ચ સાહેબને શી ધૂન લાગી હતી ?
(v) ગાંધીજીને ટોળામાંથી કોણે બચાવ્યા ?

22 (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ લખો : 6

(i) કૃષ્ણમય બનેલી ગોપીઓના મનની સ્થિતિ કેવી હોય છે ?
(ii) 'જૂનું પિયરઘર' કાવ્યમાં નાયિકાના મનમાં કયા સ્મૃતિચિત્રો સ્મૃતિપટ પર ઉપસી આવે છે ?
(iii) 'હાઈકુ' કઈ શૈલીનું કાવ્ય છે ? તેમાં કુલ કેટલા અક્ષરો હોય છે ?
(iv) 'ગુર્જર ભારતવાસી' કાવ્યના શીર્ષકની સાર્થકતા તમારા શબ્દોમાં લખો.
(v) કવિએ કયા-કયા આચરણોને દાંભિક ગણ્યા છે ?



www.FirstRanker.com

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણના** જવાબ **એક** વાક્યમાં લખો : 3

(i) 'મૂરખ'ને કઈ-કઈ ટેવો હોય છે ?

(ii) ચંબેલીને કોની વેણીમાંથી સુવાસ પ્રાપ્ત થાય છે ?

(iii) 'અવસાન-સંદેશ' કાવ્યમાં કવિ જગતનો કયો નિયમ દર્શાવે છે ?

(iv) વસંતનો માર્ગ કયા બે ફાંટામાં વહેંચાઈ જાય છે ?

(v) વૃંદાવનમાં ગાયો ચરાવવા કોણ જાય છે ?

23 (ક) નીચે આપેલ વિધાનો કોણ, કોને કહે છે તે લખો : (ગમે તે **ત્રણ**) 3

(i) "તમારો શિકાર તો આ દુકાનમાંથી સહી સલામત સરકી ગયેલ છે."

(ii) "હું એફિલ ટાવર ઉપરથી કૂદી આત્મહત્યા કરીશ."

(iii) "સરપાવ તો તમને મળ્યો જ છે ને ! જીવતાં અને મૂઆ બાદ પણ દુનિયા તમને દાનવીર કહે છે."

(iv) "કોઈનો વંશવારસ હોય નહીં તો તેનું ધન ધર્માદાનું જ કહેવાય ને ?"

(v) "જમણનો દોઢ રૂપિયો છે એ તો આપ જાણો છો ને ?"

(ખ) ગમે તે **બે**નું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો : 6

(i) "ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે રસ્તા વસંતના."

(ii) "તન તરકટ તન નીર છે, મન મરકટ મન મીર
તન-મન ફેંકી ફરે, તેનું નામ ફકીર."

(iii) "આસોપાલવ કપાય ત્યાં, તોરણ અહીં બંધાય."

24 ગમે તે **બે**ના મુદ્દાસર ઉત્તર લખો : 6

(i) દેવશંકરની લાડુ લોલુપતા.

(ii) 'અવસાન-સંદેશ' કાવ્યનો જીવન સંદેશ.

(iii) 'ઈંટોના સાત રંગ' શીર્ષકની સાર્થકતા.

25 ગમે તે **એક** વિષે આશરે 200 શબ્દોમાં નિબંધ લખો : 10

(i) આપણાં જીવનમાં તહેવારોનું મહત્ત્વ

(ii) ઉનાળાની મજા અને સજા

(iii) મારો પ્રિય સાહિત્યકાર

(iv) મને શું થવું ગમે

(v) યત્ર નાર્યસ્તુ પૂજતે રમયન્તે તત્ર દેવતા

**26** તમારો મિત્ર વધુ અભ્યાસ માટે પરદેશ જાય છે, તેને અભિનંદન આપતો તથા શુભેચ્છા પાઠવતો પત્ર લખો. **8**

**અથવા**

તમારા વિસ્તારમાં અનિયમિત વીજળી આવવાથી થતી મુશ્કેલીઓની જાણ ક્ષેત્રના અધિકારીને કરો.

**27** ગમે તે **એક**નો વિચાર-વિસ્તાર કરો : **6**

(i) પરિશ્રમ એક પારસમણી

(ii) સંપ ત્યાં જંપ

(iii) વિદ્યા વિનયથી શોભે છે.

**અથવા**

''નવરાત્રી'' વિષય પર એક પરિચ્છેદ લખો.

**28** નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી આપેલા પ્રશ્નોના જવાબ લખો : **5**

**ગદ્યખંડ :**

ગાંધીજીને વિનોબાજી જ્યારે મળવા માટે પહેલવહેલા આશ્રમ ગયા ત્યારે ગાંધીજી શાક સમારતા હતા. એમણે વિનોબાના હાથમાં ચપ્પું પકડાવી દીધું અને થોડું શાક સમારવા માટે આપ્યું. વિનોબાએ ક્યારેય સાંભળ્યું ન હતું કે કોઈ દેશના નેતા શાક સમારતા હોય. એમણે પોતે પણ કોઈ દિવસ શાક સમાર્યું ન હતું. પછી તો તેમણે જોયું કે ગાંધીજી આશ્રમમાં ઘઉં પણ વીણતા હતા અને ગંદકી પણ સાફ કરતા હતા. ગાંધીજીએ વિનોબાજીને કહ્યું, ''જો તમને અહીંની રહેણીકરણી પસંદ હોય, અને સેવાના કામમાં તમે જીવન ગાળવા ઈચ્છતા હો તો અહીં આશ્રમમાં આવીને રહો. મને મનમાં આનંદ થશે.'' વિનોબાજીએ કહ્યું કે, ''ગાંધીજીએ મારી પરીક્ષા લીધી કે નહિ, તે તો હું જાણતો નથી પણ મેં તો ગાંધીજીની પરીક્ષા લઈ લીધેલી. ગીતામાં કહેલા આદર્શ પુરુષના બધાં જ લક્ષણો મેં એમનામાં જોયા.''

**પ્રશ્નો :**

(i) વિનોબા ગાંધીજીને આશ્રમમાં મળવા ગયા ત્યારે ગાંધીજી શું કરતા હતા ?

(ii) એમને જોઈ ગાંધીજીએ શું કર્યું ?

(iii) ગાંધીજીએ વિનોબાજીને શું કહ્યું ?

(iv) આશ્રમમાં ગાંધીજી શું-શું કામ કરતા હતા ?

(v) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

29 એક પુસ્તકાલયમાં 4,000 પુસ્તકો છે. તેમાંથી 2,000 પુસ્તકો વિજ્ઞાનના છે, 1,000 પુસ્તકો બાળવાર્તાઓના છે, 500 પુસ્તકો નવલકથાઓના છે અને બાકી રહેલાં પુસ્તકો ધાર્મિક ગ્રંથોના છે. આ વર્ગીકરણ ટકાવારીમાં વર્તુળ આલેખ દ્વારા રજૂ કરો. 3

30 સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો : (ગમે તે **બે**) 2

પ્રાચીન, આસ્તિક, ઉદય, બાહ્ય

(ખ) સમાનાર્થી લખો : (ગમે તે **બે**) 2

દરિયો, નારી, પરાક્રમ, પ્રતિષ્ઠા

(ગ) સંધિ જોડો : (ગમે તે **બે**) 2

સત્ + આચાર, કલ્પ + અંત, સર્વ + ઉત્તમ, રજની + ઈશ.

(ઘ) રૂઢિપ્રયોગોના અર્થ લખો : (ગમે તે **બે**) 2

બીડું ઉપાડવું, સૌ સારા વાના થવાં, જીવે બળવો જગાવ્યો, પાડ માનવો

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે **બે**) 2

(1) કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે દેવને જમણી બાજુ રાખી ચારેબાજુ ફરવું -

(2) ચોમાસાના ચાર માસ -

(3) સવારના પહોરમાં ગાવાનું એક પ્રકારનું પદ -

(4) શરદઋતુમાં આવતી આસો માસની પૂનમ -

31 નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા લખી તેને યોગ્ય શીર્ષક આપો : 5

એક ગધેડો — એનો વિચાર — સિંહની જેમ સૌને ડરાવવા — યુક્તિ — ક્યાંકથી સિંહનું ચામડું મળવું — પહેરી લેવું — ગામમાં જવું — લોકોની નાસભાગ — આનંદમાં આવી 'હોં....ચી, હોં....ચી' બોલવું — લોકોને ખબર પડી જવી — પથ્થર અને ડફણાંથી ગધેડાને મારવો — બોધ.

---



www.FirstRanker.com